**B.U.T. Minutes**
**Dt.16-02-2023**

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની સભા ગુરૂવાર, તા.૧૬–૦૨–૨૦૨૩ના રોજ બપોરે ૧:૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સભાખંડ, નવું વહીવટી ભવન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમિતિ ખંડ મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| (૧) | ડો. કિશોરસિંહ એન. ચાવડા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| (૨) | ડો. ઈશ્વરભાઈ એમ. પટેલ | ઓનલાઈન હાજર |
| (૩) | આ. ડો. પત્રલેખાબેન એ. બારડ | ઓનલાઈન હાજર |
| (૪) | ડો. કપિલાબેન મનોજ | ઓનલાઈન હાજર |
| (૫) | ડો. ચિન્ટુભાઈ ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૬) | ડો. અશોકભાઈ દેસાઈ | ગેરહાજર |
| (૭) | ડો. દિનેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી | ગેરહાજર |
| (૮) | ડો. સ્નેહલભાઈ મિસ્ત્રી | હાજર |
| (૯) | ડો. સ્નેહલભાઈ કે. જોશી | ઓનલાઈન હાજર |
| (૧૦) | ડો. વિપુલ આર. શાસ્ત્રી | ગેરહાજર |
| (૧૧) | આર્ક. રાજેશભાઈ મહેતા | હાજર |
| (૧૨) | ડૉ. મહેશ કે. ડે | હાજર |
| (૧૩) | ડો. કે. સી. પોરીયા | ગેરહાજર |
| (૧૪) | ડો. સૌરભબેન પટેલ | ઓનલાઈન હાજર |
| (૧૫) | ડૉ. ગૌરાંગ રામી | ગેરહાજર |
| (૧૬) | ડૉ. કૈલાશ પી. પટેલ | ઓનલાઈન હાજર |
| (૧૭) | ડો. મધુભાઈ એન. ગાયકવાડ | હાજર |

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| (૧૮) | ડો. રાજેન્દ્રભાઈ બી. પટેલ | ગેરહાજર |
| (૧૯) | ડો. અપૂર્વભાઈ એ. દેસાઈ | ગેરહાજર |
| (૨૦) | ડો. આરતીબેન રાજયગુરૂ | ઓનલાઈન હાજર |
| (૨૧) | ડો. વિપુલભાઈ જે. સોમાણી | ઓનલાઈન હાજર |
| (૨૨) | ડો. ડી. જી. ઠાકોર | ગેરહાજર |
| (૨૩) | ડૉ. મનીષ સિધ્ધપુરીઆ | ઓનલાઈન હાજર |
| (૨૪) | ડો. શરીફાબેન વીજળીવાળા | ઓનલાઈન હાજર |
| (૨૫) | ડો. ડી. સી. જોશી | હાજર |
| (૨૬) | ડૉ. પુષ્પલ વાય. દેસાઈ | ઓનલાઈન હાજર |
| (૨૭) | ડો. ત્વીશા જશવંતભાઈ પરમાર | ગેરહાજર |
| (૨૮) | ડો. ભદ્રેશભાઈ હરિશભાઈ પરમાર | ગેરહાજર |
| (૨૯) | ડો. શેહનાઝ એમ. બીલીમોરીયા | ઓનલાઈન હાજર |
| (૩૦) | ડો. કે. એન. ભટ્ટ | ઓનલાઈન હાજર |
| (૩૧) | ડો. ચેતનકુમાર છોટુભાઈ પટેલ | ગેરહાજર |
| (૩૨) | ડો. અજયકુમાર નટવરલાલ પટેલ | ગેરહાજર |
| (૩૩) | ડો. મનિષાબેન પાનવાલા | ઓનલાઈન હાજર |
| (૩૪) | ડો. પ્રિતિબેન મહેશભાઈ ટેલર | ઓનલાઈન હાજર |
| (૩૫) | ડો. ધર્મેશભાઈ આર. જુરેમલાની | હાજર |
| (૩૬) | ડો. પારૂલબેન વડગામા | ઓનલાઈન હાજર |
| (૩૭) | પ્રો. વસંતભાઈ ગામીત | ગેરહાજર |
| (૩૮) | પ્રો. ડો. પ્રજ્ઞેશભાઈ શાહ | ઓનલાઈન હાજર |
| (૩૯) | ડૉ. રજનીકાંત પટેલ | ઓનલાઈન હાજર |

**B.U.T. Minutes**
**Dt.16-02-2023**

૧. અનુસ્નાતક શિક્ષણ મંડળ ( Board of University Teaching ) ની તા.૦૭–૦૨–૨૦૨૩ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching)ની તા.૦૭–૦૨–૨૦૨૩ની કાર્યવાહીને બહાલી આપવામાં આવે છે.**

૨. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **હરિ જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારીની M.Optometry** સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૮–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિની તા.૦૭–૦૨–૨૦૨૩ના રોજની કોલેજ મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **M.Optometry** સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

**શરતો : –**

(૧) કાયમી લાયબ્રેરીયનની નિમણૂંક કરવી.

(૨) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ધારા ધોરણો અને નિયમોનું પાલન કરવું.

**ભલામણ :–**

અમો, નીચે મુજબના સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે. અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે, ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમયગાળો : ૧ વર્ષ.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હરિ જયોત કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી, નવસારીની M.Optometry સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રની માન્યતાની અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે M.Optometry અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ, સુરતની M.Sc.-Biotechnology (5 year Integrated Course)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૮–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિની તા.૦૭–૦૨–૨૦૨૩ના રજોની કોલેજ મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **M.Sc.-Biotechnology (5 year Integrated Course)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજુર **(ચોથા અને ત્યાર બાદના વર્ષનું)** કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત...

**શરતો : –**

(૧) વખતો વખત ફાયર સેફટી માટે રીન્યૂ કરાવવું.

(૨) ઓર્ડિનન્સ–૬૯ (એ) તથા (બી ) નું પરીપાલન કરવું.

**ભલામણ :–**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ તમામ માહિતીની ચકાસણી કરી છે. અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે, ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભાલમણ કરીએ છીએ.

**સમયગાળો : ૨૦૨૩–૨૪.**

નોંધ : –

(૧) **(શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન )**સદર કોલેજમાં ચાલતા M.Sc.-(Biotechnology) (5yr Intigirated Course) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમમાં યુનિવર્સિટીના ઉપલબ્ધ રેકોર્ડ મુજબ અત્રેની યુનિવર્સિટી દ્વારા **શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન છેલ્લ એડમીશન ફાળવેલ હતા.** ત્યાર બાદ ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી એક્ટ2009 અને 2021 (GUJARAT ACT NO 15 OF 2021, Dt.22-05-2021) થી ગુજરાત સરકારના ગેઝેટ અન્વયે તેમા થયેલ સુધારા અંતર્ગત પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકે સાર્વજનિક યુનિવર્સિટી અમલમાં આવેલ છે. જેથી સુધારા બાદ પ્રાઈવેટ યુનિવર્સિટીSponsoring Body હેઠળની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથેની સંલગ્નતા અને એવા તમામ વિશેષાધિકારનો **તા.૨૨/૦૫/૨૦૨૧ની અંત આવતો હોવાથી અત્રેની યુનિવર્સિટી સાથેનું સદર ટ્રસ્ટ સંચાલિત શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ, સુરત, કોલેજનું જોડાણ ક્રમશ : બંધ થાય છે.** (યુનિ. કાર્યાલયના તા.૨૦–૦૭–૨૦૨૧ના પત્ર ક્રમાંક : એસ(૧)/૧૦૬૫૭/૨૦૨૧.)

(૨) **(શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન )** કોલેજમાં ચાલતા M.Sc.-(Biotechnology) (5yr Intigirated Course) અનુસ્નાતક સ્વનિર્ભર ભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૩–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૮૬) અન્વયે ચકાસણી સમિતિ નિયુકત કરવા ઠરાવેલ હોય ( સિન્ડિકેટની તા.૦૨–૧૧–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૦૭) અન્વયે ફી શરતનો લાભ આપેલ ન હોય તેવી કોલેજોમાં ચકાસણી સમિતિની નિયુકિત કરવા ઠરાવેલ છે. ), તથા સિન્ડિકેટની તા.૨૩–૧૦–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧) અન્વયે ચકાસણી સમિતિ નિયુકત કરવા માન.કુલપતિશ્રીને આપેલ સત્તા અંતર્ગન સદર કોલેજમાં માન.કુલપતિશ્રી નિયુકત ચકાસણી સમિતિએ અહેવાલ જમા કરાવેલ ન હોય, સદર કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન M.Sc.-(Biotechnology) (5yr Intigirated Course) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણની મંજુર કરવાની કાર્યવાહી થયેલ નથી.

(૩) **(શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન )** કોલેજમાં ચાલતા M.Sc.-(Biotechnology) (5yr Intigirated Course) અનુસ્નાતક સ્વનિર્ભર ભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમા માન.કુલપતિશ્રી નિયુકત સ્થાનિક તપાસ સમિતિની ચાલુ જોડાણ મંજુર કરવાની ભલામણને અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૨૧–૦૩–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક (૧૮) અન્વયે એકેડેમિક કાઉન્સિલેન કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૦૩–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક (૮૪) અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણને **સિન્ડિકેટની તા.૩૧–૦૩–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંક (૩૨) અન્વયે M.Sc.-(Biotechnology) (5yr Intigirated Course) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ત્રીજા અને ત્યાર બાદના વર્ષનું ચાલુ જોડાણ મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ ક્રમાંક (૨)ની કાર્યવાહી ચાલુ હોય મંજુરી પત્ર પાઠવેલ નથી.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ, સુરતની M.Sc.-Biotechnology (5 year Integrated Course) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટેની ચાલુ જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે M.Sc.-Biotechnology (5 year Integrated Course) અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર (ચોથા અને ત્યાર બાદના વર્ષનું) કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૪. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન અંબાબા કોમર્સ કોલેજ, મણિબા ઈન્સ્ટીટયુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામની M.Com.-(Financial Management Accountancy) (Gujarati Medium)** સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૮–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિની તા.૦૭–૦૨–૨૦૨૩ના રજોની કોલેજ મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **M.Com.-(Financial Management Accountancy) (Gujarati Medium)** સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત......

**શરતો : –**

(૧) આચાર્યની ભરતી કરવી.

(૨) યુનિવર્સિટી 69-A અને 69-B નું ચુસ્ત પણે પાલન કરવું.

**ભલામણ :–**

અમો, નીચે મુજબના સ્થાનિક તપાસ સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે. અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે, ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમયગાળો : ૨૦૨૩–૨૪.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અંબાબા કોમર્સ કોલેજ, મણિબા ઈન્સ્ટીટયુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામની** M.Com.-(Financial Management Accountancy) (Gujarati Medium) **સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટેની ચાલુ જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે** M.Com.-(Financial Management Accountancy) (Gujarati Medium) **અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૫. **શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન બાલહંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક, ભરૂચની M.S.W. અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૯–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિની તા.૦૭–૦૨–૨૦૨૩ના રોજની કોલેજ મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન M.S.W. અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.......**

**શરતો : –**

(૧) યુનિ.ના પ્રવર્તમાન નિયમ મુજબ કાયમી આચાર્ય ની નિમણૂંક કરવી,એસોસિયેટ પ્રોફેસરની નિમણૂંક કરવી.

(૨) યુનિ. ના યુવક મહોત્સવ તથા રમત મહોત્સવમાં વધુમાં વધુ વિધાર્થીઓને સહભાગી કરવા.

(૩) અધ્યાપાકોને સંશોધન પેપર તથા પુસ્તકોના લેખન–પ્રકાશન માટે પ્રોત્સાહિત કરવા.

(૪) કાયમી અધ્યાપકોને ઓરિએન્ટેશન કોર્ષ અને રીફ્રેશર કોર્ષ માટે પ્રોત્સાહન આપવું.

(૫) ૨૫૦૦૦/–ની કિમતના પુસ્તકો,જર્નલ–સામિયકો વસાવવા.

(૬) પીવાના પાણી માટે R.O ની સુવિધા કરવી

(૭) યુનિવર્સિટી ના ઓડીનન્સ 69A અને 69B નું ચુસ્તપણે પાલન કરવું

**ભલામણ :–**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમયગાળો : ૨૦૨૩–૨૪**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બાલહંસ કોલેજ ઓફ સોશ્યલ વર્ક, ભરૂચની M.S.W. અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટેની ચાલુ જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે M.S.W. અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૬. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **શ્રી સરસ્વતી એમ.એસ.ડબલ્યુ. કોલેજ, તા.નેત્રંગ, ભરૂચની M.S.W.** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૯–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિની તા.૦૬–૦૨–૨૦૨૩ના રજોની કોલેજ મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **M.S.W.** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું **ચાલુ જોડાણ મંજૂર** કરવા કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત........

**શરતો : –**

(૧) સંસ્થામાં કાયમી આચાર્ય અને ખૂટતા અધ્યાપકોની ભરતી અંગે કાર્યવાહી કરવામાં આવે.

(૨) કોલેજ માટે જરૂરી વિષય પુસ્તકો અને સંદર્ભ પુસ્તકો રૂ.૨૫૦૦૦/–નાં મંગાવવામાં આવે.

(૩) અનુસ્નાતક વિધાર્થીઓને ઉપયોગી સામયિકોનું લવાજમ ભરવામાં આવે.

(૪) શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી/સરકાર/યુજીસીના ધારા–ધોરણ અને નિયમો મુજબ પગાર ચુકવવામાં આવે.

(૫) કર્મચારીઓને નિયમ મુજબ મળવા પાત્ર રજા, પીએફના લાભો આપવામાં આવે.

(૬) ઓર્ડીન્સ–69Aઅને -69B ની જોગવાઈઓનું યથાર્થ પાલન કરવામાં આવે.

**ભલામણ :–**

અમો, નીચે મુજબના સમિતિના સભ્યોએ ઉપરોકત માહિતીની ચકાસણી કરી છે અને ઉપલબ્ધ આધારો મુજબ તે સાચી અને ખરી છે. ઉપરોકત માહિતી અને અવલોકનોના આધારે અમો સદર ડિગ્રી પ્રોગ્રામ માટે સંસ્થાની જોડાણની અરજી ગ્રાહય રાખી નીચેના સમયગાળા માટે ચાલુ જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

**સમયગાળો : શૈક્ષણિક વર્ષ– ૨૦૨૩–૨૪**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સરસ્વતી એમ.એસ.ડબલ્યુ. કોલેજ, તા.નેત્રંગ, ભરૂચની M.S.W. અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટેની ચાલુ જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે M.S.W. અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**૭.** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **એમ કે ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ભરૂચની M.Sc.-Computer Application** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની ચાલુ જોડાણની અરજી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૧૯–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧૪) અન્વયે માન.કુલપતિશ્રી દ્વારા નિયુકત સ્થાનિક તપાસ સમિતિની તા.૦૯–૦૨–૨૦૨૩ના રજોની કોલેજ મુલાકાત બાદ સમિતિ દ્વારા નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન **M.Sc.-Computer Application** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું **ચાલુ જોડાણ મંજૂર** કરવા કરેલ ભલામણપર વિચારણા કરવા બાબત......

**શરતો : –**

(૧) કાયમી આચાર્ય અને લાયબ્રેરીયનની નિમણૂંકી કાર્યવાહી કરવામાં આવે.

(૨) કાયમી ૦૧ Accociate professor ની નિમણૂંકની કાર્યવાહી કરવામાં આવે.

(૩) યુનિવર્સિટીના નિયમાનુસાર DA ચૂકવવું.

(૪) યુનિવર્સિટી ના O.૬૯ એ અનેO.૬૯ બી નું પરિપાલન કરવું તથા યુનિવર્સિટી દ્વારા મોકલવામાં આવતા નિયમોનું પાલન કરવું.

**ભલામણ :–**

આથી સંસ્થાના M.Sc.-C.A. (Computer Application)ના અભ્યાસક્રમનું ચાલુ જોડાણને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે માન્યતા આપવા સ્પષ્ટ ભલામણ છે.

**સમયગાળો : ૨૦૨૩–૨૪**

**(જોડાણ વિભાગ)**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ કે ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ભરૂચની M.Sc.-Computer Application અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટેની ચાલુ જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે M.Sc.-Computer Application અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨, ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ના નવું/ચાલુ જોડાણ અંગેના સ્થાનિક તપાસ સમિતિ/ચકાસણી સમિતિના અહેવાલ પર નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૮. ધી સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરતના જો. સેક્રેટરીશ્રીના તા.૧૮–૧૦–૨૦૨૨ના પત્રાંક : SMT/SCOP/BPT/22-23/428 થી સદર ટ્રસ્ટ સંચાલિત ધી સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં ૨૦૦૧ થી બેચલર ઓફ ફિઝિયોથેરાપી અને ૨૦૧૧ થી માસ્ટર ઓફ ફિઝિયોથેરાથી અભ્યાસક્રમ ચાલે છે. જેમાં યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત કુલ ૧૦ ટીચીગ સ્ટાફ કાર્યરત છે. જેમાંથી પાંચ સ્ટાફની શૈક્ષણિક લાયકાત બી.પી.ટી. છે. આ સ્ટાફ સદર કોલેજમાં આશરે ૧૫ થી ૧૭ વર્ષથી ફરજ બજાવે છે, તો તેમને બી.પી.ટી. માંથી એમ.પી.ટી. થવા માટે સ્ટાફ અપગ્રેડેશન નિયમ( આ સાથે સામેલ) અંતર્ગત સદર કોલેજમાં જ ચાલતા માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અભ્યાસમક્રમમાં દર ૨ સ્ટાફને એડમીશન મળે તો સદર કોલેજના તમામ સ્ટાફ અપગ્રેડ થાય તે હેતુથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

<u>નોંધ :</u>

(૧) સિન્ડિકેટ ના તા.૨૨–૧૨–૨૦૧૨/ ૯–૨–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક (૯૨) થી મંજુર કરેલ MPT અનુસ્નાતક અભ્યાસક્રમના નિતિ નિયમોનો પાઠ નીચે મુજબ છે.

D. ELIGIBILITY FOR ADMISSION

(C) In a physiotherapy college conducting a MPT programme, one seat may be reserved for faculty members having BPT degree to upgrade their qualification, while remaining employed.

(D) In continuation of above after completion of admission procedure if any seat remains vacant in any specialty in the concerned Physiotherapy College then the same may be offered to the faculty member of Physiotherapy College those who have applied for the same.

All these admissions will be desided by "Admission Committee" constituted as per Rule on behalf of the Veer Narmad South Gujarat University,

The Candidate will select the Specialty as per the choice/ merit at the time of admission at the M.P.T. Part-I.

(૨) કોલેજની ઉપરોકત વિનંતી સંદર્ભે તબીબી વિદ્યાશાખાના ડીનશ્રી દ્વારા નીચે મુજબ અભિપ્રાય આપેલ છે.

<u>ડીનશ્રી નો અભિપ્રાય :</u> નિયમ મુજબ સ્ટાફની નોકરી ચાલુ રહેતા MPT એડમિશન કરાવી શકાય તેના માટે ૧ સીટ રિઝર્વ કરી શકાય અથવા એડમિશનને અંતે ખાલી હોય તો ખાલી બેઠકો પર એડમીશન કરી શકાય.

**(અનુસ્નાતક વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ધી સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરતના જો. સેક્રેટરીશ્રીના તા.૧૮–૧૦–૨૦૨૨ના પત્રાંક : SMT/SCOP/BPT/22-23/428 થી સદર ટ્રસ્ટ સંચાલિત ધી સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપીમાં ૨૦૦૧ થી બેચલર ઓફ ફિઝિયોથેરાપી અને ૨૦૧૧થી માસ્ટર ઓફ ફિઝિયોથેરાથી અભ્યાસક્રમ ચાલે છે. જેમાં યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત કુલ ૧૦ ટીંચીગ સ્ટાફ કાર્યરત છે. જેમાંથી પાંચ સ્ટાફની શૈક્ષણિક લાયકાત બી.પી.ટી. છે. આ સ્ટાફ સદર કોલેજમાં આશરે ૧૫ થી ૧૭ વર્ષથી ફરજ બજાવે છે, તો તેમને બી.પી.ટી. માંથી એમ.પી.ટી. થવા માટે સ્ટાફ અપગ્રેડેશન નિયમ અંતર્ગત સદર કોલેજમાં જ ચાલતા માસ્ટર ઓફ ફિઝિયોથેરાપી અભ્યાસક્રમમાં દર ૨ સ્ટાફને એડમીશન મળે તો સદર કોલેજના તમામ સ્ટાફ અપગ્રેડ થાય તે હેતુથી કરેલ વિનંતી સંદર્ભે ડીનશ્રીના અભિપ્રાય અંતર્ગત કરેલ ભલામણનો સ્વીકાર કરી સંબંધિત કોલેજ/ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક કર્મચારીને એન.ઓ.સી. આપ્યા બાદ સ્ટડી લીવની જોગવાઈ સાથે સંબંધિત શૈક્ષણિક કર્મચારીના પ્રવર્તમાન શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ ન પડે તે શરતે પ્રવેશ પરીક્ષા પાસ કર્યા બાદ પ્રવેશ કાર્યવાહી કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

૯. **કોમર્સ** ફેકલ્ટીના **કોમર્સ એન્ડ મેનેજમેન્ટ** વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર **ર્ડા.શાહ ચિંતનકુમાર અજયકુમાર**ને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

**(૧)** ઉપરોકત અરજીકર્તાની અરજી પર એકેડેમિક કાઉન્સિલની તા.૩૦–૦૧–૨૦૨૩ના ઠરાવ ક્રમાંકઃ ૦૨થી નીચે મુજબ ઠરાવેલ છે.

**<u>એકેડેમિક કાઉન્સિલના તા.૩૦–૦૧–૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક (૦૨)</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, ર્ડા. શાહ ચિંતનકુમાર અજયકુમાર, આસીસ્ટન્ટ પ્રોફેસર, એસ. ડી. જે. ઈન્ટરનેશનલ કોલેજ, સુરત દ્વારા કોમર્સ ફેકલ્ટીનાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા કરેલ અરજીનાં સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલના તા.૨૫–૨૬/૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક (૦૬) મુજબ ઓર્ડિનન્સ–૧૦૮ મુજબ કાર્યવાહી કરવી.

**<u>એકેડેમિક કાઉન્સિલના તા.૨૫–૨૬/૬/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક (૦૬)</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય સ્ટેટ યુનિવર્સિટીમાંથી આપણી યુનિવર્સિટીમાં જોડાયેલ શિક્ષકો જો પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા ધરાવતા હોય અને તેઓ પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા માટે આપણી યુનિવર્સિટીમાં અરજી કરે તો તેવા કિસ્સામાં ઓર્ડિનન્સ–૧૦૮ મુજબની જોગવાઈ અનુસાર કાર્યવાહી ન કરતા યુનિવર્સિટી કક્ષાએ આદરણીય કુલપતિશ્રી દ્વારા સમિતિ નિયુકત કરવામાં આવે. આ સમિતિ દ્વારા ઓર્ડિનન્સ–૧૦૮ મુજબના ધારાધોરણોની પરિપૂર્ણતા ચકાસણી કર્યા બાદ ભલામણને એકેડેમિક કાઉન્સિલમાં આગળની કાર્યવાહી અર્થે રજૂ કરવામાં આવે.

વધુમાં સ્ટેટ યુનિવર્સિટી સિવાયની અન્ય તમામ યુનિવર્સિટીના કિસ્સામાં ઓર્ડિનન્સ ૧૦૮ મુજબની કાર્યવાહી કરવી.

**(૨)** ઉપરોકત ભલામણ અન્વયે ઓર્ડિનન્સ ૧૦૮ના ધારાધોરણની પુર્તતા ચકાસણી માટે માન.કુલપતિશ્રી નિયુકત સમિતિ ધ્વારા નીચે મુજબ ભલામણ કરેલ છે.

**<u>સમિતિની ભલામણ :– અવલોકનો.</u>**

(૧) યુનિવર્સિટી માન્ય ટીચર છે.
(૨) ૩૩ પબ્લીકેશન
(૩) બહારના બે રેફરી એમના રીસર્ચ પેપર અંગે Opinion સાથે ત્યારબાદ હકારાત્મક રીપોર્ટ બાદ.
(૪) બી.યુ.ટી., એ.સી. અને સિન્ડીકેટની માન્યતા બાદ રીસર્ચ ગાઈડ તરીકે કામ કરી શકશે.

**(૩)** જે ભલામણ અન્વયે અરજીકર્તાનો અભ્યાસ BBA, MBA અને Ph.d.(Management) વિષયમાં હોય અને આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ક્રમાંકઃજોડાણ/(માન્યતા–૧૯૭)/૨૦૫૧૯/૨૦૨૧ તા.૩૧–૧૨–૨૦૨૧થી મેનેજમેન્ટ વિષયમાં યુનિવર્સિટી માન્યતા મળેલ છે. જે ધ્યાને લેતા નીચે મુજબની સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક (૩) થી નીચે મુજબ ઠરાવેલ છે.

**સિન્ડિકેટની તા.૨૯–૦૧/૦૨–૦૨–૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક (૩)**

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૭–૧૧–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ ની ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરી આસીસટન્ટ પ્રોફેસર ર્ડા. પટેલ બક્ષિસકુમાર ઈશ્વરભાઈને મેનેજમેન્ટ ફેકલ્ટીનાં મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા સંદર્ભે બાબત બી.યુ.ટી. ને રીફર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જો ફેકલ્ટી બદલાય તો બી.યુ.ટી.માં મંજુર કરાવ્યા બાદ જ આગળના સતા મંડળોમાં બાબત રજુ કરવી.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ફેકલ્ટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.ડી.જૈન ઈન્ટરનેશનલ કોલેજ, સુરતના આસિસ્ટન્ટ પ્રોફેસર ર્ડા.શાહ ચિંતનકુમાર અજયકુમારને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સંદર્ભે સમિતિની ભલામણનો સ્વીકાર કરી બહારના બે રેફરીના હકારાત્મક રીપોર્ટ આવ્યા બાદ બી.યુ.ટી. સમક્ષ પુન : રજૂ કરવી.**

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૧૦. યુનિવર્સિટી સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી પરિસર ખાતેના વિભાગોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટેની અરજી અનુસંધાને નીચે મુજબના ઓર્ડિનન્સ ૧૦૮ (૧)(સી)માં નિયુક્ત બે બાહય નિર્ણાયકોના અહેવાલ હકારાત્મક હોય તો પીએચ.ડીની માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની જોગવાઈ છે.

**Ord. 108(1)(C)**

A full time, regular **Assistant Professor**, confirmed in his / her position / service, in a university department/ an affiliated college/ an affiliated recognized institution, with at least **two research publications in a referred journal**, shall be eligible for applying to become a research supervisor for the degree of Ph.D and he/she shall be recognized as a research supervisior for the degree of Ph.D. only after the submission of his/ her research publications to **two external referees from outside Veer Narmad South Gujarat University, and their affirmative reports on the said research publications.**

**ઉપરોકત ઓર્ડિનન્સ ૧૦૮(૧)(સી)માં બેં(૨) નિર્ણાયકનો અહેવાલ હકારાત્મક હોય તો માન્યતા આપવાની જોગવાઈ હોય તો નીચે જણાવ્યાનુસારના કિસ્સામાં શી કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.**

**(૧) બે નિર્ણાયકો પૈકી એક નિર્ણાયકનો અહેવાલ હકારાત્મક હોય અને બીજા નિર્ણાયકનો અહેવાલ નકારાત્મક હોય.**

**(૨) ઉપરોકત પૈકી બીજા નિર્ણાયકનો અહેવાલ નકારાત્મક હોય અને ત્રીજા નિર્ણાયકની નિયુકતી થયેથી તેમનો અહેવાલ પણ નકારાત્મક હોય.**

**નોંધ:** ઉપરોકત બાબતે બાહય નિર્ણાયકોના અહેવાલો પૈકી એક નિર્ણાયકનો અહેવાલ હકારાત્મક આવેલ હોય અને બીજા નિર્ણાયકનો અહેવાલ નકારાત્મક આવેલ હોય તેવા તમામ કિસ્સામાં જો નકારાત્મક અહેવાલ હોય તો કાર્યલય નોંધ પર અન્ય (ત્રીજા) નિર્ણાયકનું નામ મેળવી નિયુકતી થયેથી કાર્યવાહી કરવામાં આવતી હતી. જો ત્રીજા નિયુકત નિર્ણાયકનો અહેવાલ હકારાત્મક હોય તો ઓર્ડિ.૧૦૮(૧)(સી) મુજબ માન્યતા આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હતી. તેમજ જો ત્રીજા નિર્ણાયકનો અહેવાલ પણ નકારાત્મક હોય તો ઉપર જણાવ્યાનુસાર પુનઃ કાર્યવાહી કરવામાં આવતી હતી.

હાલ ઉપરના સમકક્ષ કિસ્સામાં બે નિર્ણાયકો પૈકી એક નિર્ણાયકનો અહેવાલ હકારાત્મક હોય અને બીજા નિર્ણાયકનો અહેવાલ નકારાત્મક હોવાથી વિભાગની નોંધ પર મળેલ આદેશ મુજબ ત્રીજા નિર્ણાયક પાસે અહેવાલ મંગાવતા તેમનો અહેવાલ પણ નકારાત્મક આવેલ હતો તે કિસ્સામાં વિભાગની નોંધ પર મળેલ આદેશ મુજબ બે અહેવાલ નકારાત્મક હોય અરજી દફતરે કરવા આદેશ મળેલ હોય તેમજ આવી પરિસ્થિતી ઉભી થાય તો ઓર્ડિનન્સમાં આ પ્રકારે કોઈ જોગવાઈ ન હોય લાબાંગાળા માટે નિર્ણય લેવા બી.યુ.ટી. સમક્ષ રજુ કરવા આદેશ મળેલ, તદ્અનુસાર યોગ્ય તે વિચારણા કરવા અર્થે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી પરિસર ખાતેના વિભાગોમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા માટેની અરજી અનુસંધાને ઓર્ડિનન્સ ૧૦૮ (૧)(સી)માં નિયુકત બે બાહય નિર્ણાયકોના અહેવાલ હકારાત્મક હોય તો પીએચ.ડીની માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા આપવાની જોગવાઈ છે. પરંતુ**

**(૧) બે નિર્ણાયકો પૈકી એક નિર્ણાયકનો અહેવાલ હકારાત્મક હોય અને બીજા નિર્ણાયકનો અહેવાલ નકારાત્મક હોય તેવા કિસ્સામાં ત્રીજા નિર્ણાયકને સંશોધન પત્રો મોકલવા.**

**(૨) ઉપરોકત પૈકી બીજા નિર્ણાયકનો અહેવાલ નકારાત્મક હોય અને ત્રીજા નિર્ણાયકની નિયુકતી થયેથી તેમનો અહેવાલ પણ નકારાત્મક હોય તેવા કિસ્સામાં અન્ય બે સંશોધન પત્રો (હાલની અરજીમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવા) પ્રકાશિત થયેથી અરજી કરવાની રહેશે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત મુજબની કાર્યવાહી ઓર્ડિનન્સ ૧૦૮માં આમેજ કરવી.**

૧૧. **યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલ તાઃ ૧૪/૧૨/૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ અન્વયે** UGC D.O.NO.9-35/2016 (CPP-11) **તાઃ૧૫/૦૪/૨૦૨૧ મુજબ** "CA/CS/ ICWA qualification be considered equivalent to PG Degree." **અન્વયે** CA **થયેલ વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં** M.A. (External)**માં પ્રવેશ આપવાનું ઠરાવેલ હોય પરંતુ** M.Com. (External) **પ્રવેશ મેળવવા** A candidate who has obtained Bachelor's degree in Commerce shall be eligible to apply for M.Com. **મુજબની લાયકાત જરૂરી હોવાથી** UGC **તથા યુનિવર્સિટીનાં નિયમાનુસાર એલીજીબીલીટી થતી ન હોવાથી સદર વિદ્યાર્થીનીની** M.Com. (External) **માં પ્રવેશ મેળવવા અંગેની અરજીને ધ્યાને લઈ પ્રવેશ આપવા તથા આવનારા અન્ય કેસો પર વિચારણા કરવા બાબત.**

(પરીક્ષા (એક્ષટર્નલ વિભાગ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલ તાઃ૧૪/૧૨/૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ અન્વયે UGC D.O.NO.9-35/2016 (CPP-11)** તાઃ૧૫/૦૪/૨૦૨૧ મુજબ **"CA/CS/ICWA qualification be considered equivalent to PG Degree." અન્વયે CA** થયેલ વિદ્યાર્થીઓને **આપણી યુનિવર્સિટીમાં M.A. (External)માં પ્રવેશ આપવાનું ઠરાવેલ હોય પરંતુ M.Com. (External) પ્રવેશ મેળવવા A candidate who has obtained Bachelor's degree in Commerce shall be eligible to apply for M.Com. મુજબની લાયકાત જરૂરી હોવાથી UGC તથા યુનિવર્સિટીનાં નિયમાનુસાર એલીજીબીલીટી થતી ન હોવાથી સદર વિદ્યાર્થીનીની M.Com. (External) માં પ્રવેશ મેળવવા અંગેની અરજીને ધ્યાને લઈ પ્રવેશ આપવા તથા આવનારા અન્ય કેસો સંદર્ભે યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલ તાઃ ૧૪/૧૨/૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૦ અન્વયે UGC D.O.NO.9-35/2016 (CPP-11) તાઃ૧૫/૦૪/૨૦૨૧ મુજબ "CA/CS/ICWA qualification be considered equivalent to PG Degree." અનુસાર અનુસ્નાતક કક્ષાએ પ્રવેશ કાર્યવાહી કરવી અને સદર જોગવાઈ એલીજીબીલીટી અંગેના ઓર્ડીનન્સમાં આમેજ કરવી.**

૧૨. **કોમર્સ ફેકલ્ટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.એસ.અગ્રવાલ કોલેજ, નવસારીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.શીતલ કે. પઢીયારને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા બાબત.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોમર્સ ફેકલ્ટીના કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા એસ.એસ.અગ્રવાલ કોલેજ, નવસારીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.શીતલ કે. પઢીયારને પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સંદર્ભે સમિતિની ભલામણનો સ્વીકાર કરી બહારના બે રેફરીના હકારાત્મક રીપોર્ટ આવ્યા બાદ બી.યુ.ટી. સમક્ષ પુન : રજૂ કરવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

**Sd/-**
**કુલસચિવ**

ક્રમાંક : એસ/બીયુટી/કાર્યવાહી/૩૭૮૫/૨૦૨૩
તા.૧૬–૦૨–૨૦૨૩

પ્રતિ,
**અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ.........**